# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-03-2025 Day : Thusday Evening : 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## હોળી – ધુળેટી ઉત્સવ

આજે હોળીનું પર્વ સમગ્ર જિલ્લામાં શ્રધ્ધા અને ભક્તિ ભાવ પૂર્વક ઉજવવામાં આવી રહ્યું છે. આજે સાંજ ઢળતા જ ચોરે અને ચોટે વિવિધ દેવ મંદિરોમાં હોળીનું પૂજન કરી હોળી પ્રાગટય કરવામાં આવે છે. આવતીકાલે રંગ ભરી ધુળેટી ઉજવવા લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ધુળેટી નિમિતે અંજારમાં રાજાશાહી વખતના પરંપરાગત ઈશાકચંદ્રનો લગ્નોત્સવ યોજાશે. છેલ્લા 200 વર્ષથી ઉજવાતી આ પરંપરા અંતર્ગત વિવિધ આયોજન હાથ ધરાશે.

રાજ્યના રાજ્યપાલ અને મુખ્યમંત્રીએ રાજ્યના સૌ નાગરિકોને રંગ ઉમંગના ઉત્સવ હોળી-ધૂળેટીની શુભકામનાઓ પાઠવી છે.

હોળીનો તહેવાર પરસ્પર પ્રેમ, સૌહાર્દ અને પ્રકૃતિના રંગોથી જીવનને સજાવવાનો સંદેશ આપે છે તેમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું છે.

જ્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ઉત્સવ જન-જનના જીવનને ખુશી, સમૃદ્ધિ અને ઉલ્લાસના રંગોથી તરબતર કરી દે તેવી શુભકામનાઓ તેમણે વ્યક્ત કરી છે.

---

## હોળી-ધુળેટી અને રમઝાન માસની શાંતિપૂર્ણ ઉજવણી માટે પોલીસ તંત્ર સજ્જ

જિલ્લામાં હોળી-ધુળેટી અને રમઝાન માસની શાંતિપૂર્ણ ઉજવણી માટે પોલીસ તંત્ર સજ્જ બન્યું છે.

છેલ્લા ત્રણ દિવસથી પૂર્વ કચ્છ પોલીસ અને પશ્ચિમ કચ્છ હેઠળના તમામ પોલીસ મથકના અધિકારીઓ દ્વારા હિન્દુ અને મુસ્લિમ સમાજના આગેવાનો સાથે શાંતિ સમિતિની બેઠકો યોજવામાં આવી રહી છે. લોકોને સુલેહ શાંતિ જાળવવા અપીલ કરવામાં આવી છે.

ભાઈચારા સાથે તહેવારોની ઉજવણી કરવાની બાંહેધરી તમામ આગેવાનો દ્વારા આપવામાં આવી છે.

---

## ધોરણ 10 અને ધોરણ 12 પેપર ચકાસણીની કામગીરી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 10 અને ધોરણ 12 બોર્ડની પરીક્ષા મંગળવારે પૂરી થયા બાદ કચ્છમાં 7 કેન્દ્રો ઉપર 700 જેટલા શિક્ષકો પેપર ચકાસણીની કામગીરી કરી રહ્યા છે. આગામી દિવસોમાં પેપર ચકાસણી માટે હજુ વધુ 7 કેન્દ્રોનો ઉમેરો થશે તેવું જાણવા મળ્યું છે. એપ્રિલના અંતમાં અથવા મે મહિનાના પ્રારંભે પરિણામ આવી જાય એવી શક્યતા વ્યક્ત કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે, કચ્છમાં ધોરણ 10ના 26,063 વિદ્યાર્થીઓ જયારે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના 1402 અને સામાન્ય પ્રવાહના 13,460 વિદ્યાર્થીઓ મળીને આ વર્ષે કુલ 41,022 પરીક્ષાર્થીઓ નોંધાયા હતા.

---

## ગાંધીધામ મહાનગરપાલિકા 200થી વધુ કર્મચારીઓની ભરતી

**ગાંધીધામ મહાનગરપાલિકા આઉટસોર્સિંગથી 200થી વધુ નોન ટેકનિકલ કર્મચારીઓની ભરતી કરશે.**

**ગાંધીધામ મહાનગરપાલિકા બની તેને લગભગ 70 દિવસનો સમયવીતી ગયો છે અને સરકારમાંથી મહેકમ મંજૂર થાય તેની રાહ જોવાઈ રહી છે. તે વચ્ચે રોજબરોજની સુચારૂ કામગીરી માટે મહાનગરપાલિકા દ્વારા એજન્સી મારફતે સ્ટાફ ભરતી કરવાની તજવીજ શરૂ કરવામાં આવી છે. ટેન્ડર પ્રક્રિયાથી એજન્સી નક્કી કરીને તેની હેઠળ કોમ્પ્યુટર ઓપરેટર, ડ્રાઇવર, પટાવાળા, વાલ્વમેન સહિતના કર્મચારીઓને કરાર આધારિત નિમણૂક કરવામાં આવશે.**

**આ ઉપરાંત, આગામી સમયમાં સર્વેયર, આર્કિટેક એન્જિનિયર સુપરવાઇઝર સહિત લગભગ 50 થી વધુ ટેકનિકલ કર્મચારીઓની ભરતી કરવામાં આવે તેવી શક્યતા છે.**

**ઉલ્લેખનીય છે કે, મહાનગરપાલિકા દ્વારા 1 હજારથી વધુ મહેકમની ભરતી માટે પણ રાજ્ય સરકારમાં દરખાસ્ત કરવામાં આવી છે.**

---

## જિલ્લામાં ગરમીનો પ્રકોપ

**જિલ્લામાં ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. મહત્તમ તાપમાનમાં સામાન્ય ઘટાડો નોંધાયો હોવા છતાં ગરમ પવનને કારણે લૂની સ્થિતિ સર્જાઈ છે. ભુજમાં ગઈકાલના 42.4 ડિગ્રીના વિક્રમી તાપમાન બાદ આજે 38.6 ડિગ્રી નોંધાયું છે. કંડલામાં સૌથી વધુ 40.5 ડિગ્રી તાપમાન નોંધાયું છે. નલિયામાં તાપમાન 36 ડિગ્રી સુધી પહોંચ્યું છે. રાત્રે પણ ઉકળાટભર્યો વાતાવરણ અનુભવાઈ રહ્યો છે.**

**હવામાન વિભાગે આગામી બે દિવસ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યો છે અને મહત્તમ તાપમાન 40થી 42 ડિગ્રી વચ્ચે રહેવાની આગાહી કરી છે. કચ્છ સહિત રાજ્યના ચાર જિલ્લા માટે વોર્મ નાઈટની ચેતવણી પણ યથાવત રાખવામાં આવી છે.**

---

## ગુજરાત એસટી નિગમ

હોળી અને ધુળેટીના તહેવારો દરમિયાન સરળતાથી સત્વરે વાહનવ્યવહારની સુવિધા મળી રહે તે માટે ગુજરાત એસટી નિગમ દ્વારા વિશેષ આયોજન કરાયું છે. જે અંતર્ગત કચ્છ એસટી વિભાગ દ્વારા 70 બસો મારફતે કૂલ 140 ટ્રીપો દોડાવવામાં આવી રહી છે.

રાજ્યના પંચમહાલ, દાહોદ, ઝાલોદ, ગોધરા, સંતરામપુર, છોટા ઉદેપુર સહિતના જિલ્લાના નાગરિકો કચ્છમાં નોકરી, વ્યવસાય કે મજૂરી માટે રહે છે. જેથી, લોકો પોતાના પરિવાર સાથે અને પોતાના વતનમાં તહેવાર ઉજવી શકે તે માટે ભુજ, માંડવી, અંજાર, રાપર, ભચાઉ, નખત્રાણા તેમજ મુંદરા સહિતના ડેપોમાંથી વિવિધ સ્થળોએ જવા માટે વધારાની 70 બસોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે.

---

## મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમર-૨૦૦૯

મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ હેઠળ બાળકોને ખાનગી શાળામાં નિ:શુલ્ક પ્રવેશ માટે ચાલી રહેલી પ્રક્રિયા હેઠળ કચ્છમાં 359 ખાનગી શાળાઓની 25 ટકા બેઠકો માટે અત્યાર સુધી 4 હજાર 198 અરજીઓ આવી છે અને હજુ 16મી માર્ચ સુધી ઓનલાઈન ફોર્મ ભરવાની મુદત વધારાઈ છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ભૂપેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, અરજી કરવાની છેલ્લી તારીખ 12મી માર્ચ સુધી જ હતી. પરંતુ, કેટલાક વાલીએ ટેકનીકલ કારણોસર ઓનલાઈન ફોર્મ ભરી નથી શક્યા. જેને ધ્યાને લઈને સરકાર દ્વારા 16મી માર્ચ સુધી મુદત વધારાઈ છે.

---

## એલ.ડી. શાહનું અવસાન

કચ્છમાં કોટી વૃક્ષ અભિયાનના પ્રણેતા એલ.ડી. શાહનું ગઈકાલે માંડવી તાલુકાનાં બિદડા ખાતે અવસાન થયું. તેમની વય 92 વર્ષની હતી. કચ્છમાં વૃક્ષ ઉછેર, પાણી સંગ્રહ સહિતનાં માનવતાનાં અનેક કાર્યો તેમણે કર્યા હતા. ભુજમાં માનવજ્યોત સંસ્થાની સ્થાપનામાં તેમનું મોટું પ્રદાન હતું. આ સંસ્થાના અધ્યક્ષ પ્રબોધ મુંનવરે તેમની સેવાઓ યાદ કરી અંજલિ આપી હતી.

---

## ખાનગી ફેકટરીમાં ભીષણ આગ

ભચાઉથી 4 કિલોમીટર દૂર આવેલી પ્લાયની ખાનગી ફેક્ટરીમાં બોઇલરમાં લીકેજને કારણે ઓઇલ લાઇન ફાટી જતાં ભીષણ આગ ભભૂકી ઊઠી હતી. ઘટનાની જાણ થતાં જ ભચાઉ નગરપાલિકાની ફાયર ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને 3 કલાકની ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો.

---